ફો.ત. કેસ નં.૧૯૬/૨૦૨૫

**આંક–૧ હેઠળ હુકમ**

સદર કામે ફરીયાદીએ હાલની ફરીયાદ આરોપી વિરુધ્ધ દાખલ કરેલ છે. સદર કામે ફરીયાદીની હાલની ફરીયાદની હકીકત એવી છે કેં, ફરીયાદીના નિકાહ તા.૩૧–૧૨–૨૦૨૩ ના રોજ આરોપી નં.૧ સાહીસ્તા જુસબ નુરમામદ બાફણ સાથે થયેલા હતા. આ લગ્નસંબંધથી એક બાળક નામે ઔરેબ–પુત્ર નો જન્મ થયેલ છે. લગ્નના થોડાક દિવસો બાદ આ કામના આરોપી નં.૧ ફરીયાદી સાથે અવાર નવાર લડાઇ ઝઘડો કરી ફરીયાદીને ખોટા કેસોમાં ફસાવી નાંખવાની ધમકીઓ આપતા હતા અને માવિત્રે જતા રહેતા હતા. ફરીયાદી વિરુધ્ધ આરોપી નં.૧ નાઓએ ભરણપોષણ મેળવવા નામદાર પ્રિન્સીપાલ ફેમીલી કોર્ટ, ભુજ–કચ્છમાં ભરણપોષણ મેળવવા કેસ કરેલ હતો. આ કેસ ચાલુ હતો ત્યારે આરોપી નં.૧ નાઓએ ફરીયાદીને જણાવેલ કે, હું ફરી પ્રેગ્નેટ છું. અને તે અંગેનું આશિર્વાદ હોસ્પિટલ, ભુજનું મેડીકલ કાગળ નામદાર પ્રિન્સીપાલ ફેમીલી કોર્ટ, ભુજમાં રજુ કરેલ. જે મેડીકલ કાગળની ખરી નકલ હાલના કામ  રજુ થયેલ છે. ત્યારબાદ ફરીયાદી અને આરોપી નં.૧. વચ્ચે સમાધાન થઇ ગયેલ અને ફરીયાદી તા.૨૮–૦૮–૨૦૨૫ ના રોજ આરોપી નં.૧ ને ગામ સામત્રા મધ્યે લેવા ગયેલા ત્યારે આરોપી નં.૧. નાઓએ જણાવેલ કે, હું અને માતા જે આરોપી નં.૨. હસીના જુસાબ નુરમામદ બાફણ એમ બંને જણાએ થઇ મારા ગર્ભમાં ફરકતુ બાળકને મારી નાંખેલ છે તેવી હકીકત જણાવેલ. આથી ફરીયાદીએ પુછેલ કેમ બાળકને મારી નાંખેલ ત્યારે આરોપી નં.૧ નાઓએ જણાવેલ કે, એમ જ મારી નાંખેલ. ત્યારબાદ ફરીયાદી તેણી વિરુધ્ધ કોઇ કાર્યવાહી ના કરે તેથી આરોપી નં.૧ નાઓએ જણાવેલ કે, હું તો મજાક કરૂ છું.

ફરીયાદી તથા આરોપી નં.૧ વાળા સાથે રહેતા હોય તા.૦૩–૦૯–૨૦૨૫ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ફેમીલી કોર્ટમાં ચાલતો કેસ ફરીયાદી અને આરોપી નં.૧ વાળા સંયુક્ત સહીથી પરત ખેંચી લીધેલ. થોડાક દિવસો ઘરસંસાર સારી રીતે ચાલતો હતો અને આરોપી નં.૧ નાઓ પોતે પ્રેગ્નેટ છે અને દવા માટે ફરીયાદી પાસે રૂપિયા માંગતા હોઇ ફરીયાદી દવા માટે પૈસા આપતા હતા. ત્યારબાદ આરોપી નં.૧ વાળા ફરીયાદી સાથે તેમજ  ફરીયાદીના કુટુંબ સાથે લડાઇ ઝઘડો કરવા લાગેલ. અને તા.૦૫–૧૧–૨૦૨૫ ના રોજ રાત્રીના સમયં ફરીયાદીએ આરોપી નં.૧ નાઓને ગર્ભમાં રહેલ બાળક વિશે પુછતા તેઓએ જણાવેલ કે, જ્યારે તમે મને માવિત્રેથી તેડવા માટે આવેલ હતા ત્યારે મેં તમને વાત કરેલ હતી કે, હું અને મારી માતા બંને જણા થઇ મારા ગર્ભમાં ફરકતુ બાળકને મારી નાંખેલ છે તે હકીકત સાચી જણાવેલ હતી. જેથી ફરીયાદીએ આરોપી નં.૧ અને ૨ નાઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૮ અને ૫૪ તળે ફરીયાદ તા.૦૭–૧૧–૨૦૨૫ ના રોજ ડી.એસ.પી.સાહેબશ્રીને લેખિતમાં રૂબરૂ ફરીયાદ આપેલ અને પી.આઇ. માનકુવા પો.સ્ટે. ને લેખિતમાં ફરીયાદ ટપાલ મારફતે મોકલાવેલી. સદર ફરીયાદ આપવા છતાં કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નહી હોવાથી ફરીયાદીએ

તા.૧૯-૧૧-૨૦૨૫ ના રોજ ડી.વાય.એસ.પી. સાહેબ પશ્ચિમ વિભાગને રૂબરૂ અને શ્રી માનકુવા પો.સ્ટે.ને ટપાલ મારફતે લેખિતમાં ફરીયાદ આપેલ. તેમ છતાં આજદિન સુધી એફ.આઇ.આર. નોંધવામાં આવેલ નહી હોવાથી હાલની ફરીયાદ કરેલ છે.

હાલની ફરીયાદ આવતા નામદાર કોર્ટ દ્વારા સદર ફરીયાદની કાર્યવાહી સ્થગિત કરી બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૩ મુજબનો રિપોર્ટ માનકુવા પોલીસ સ્ટેશનનાઓનો રિપોર્ટ મંગાવવાનો હુકમ કરવામાં આવેલ. સદર રિપોર્ટ આંક-૦૫ થી રજુ થયેલ છે. સદર કામે ત્યારબાદ બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૫ મુજબનો હુકમ કરી સદર ફરીયાદ કોર્ટ ઇન્કવાયરીમાં રાખવામાં આવેલ. ત્યારબાદ સદર કામે ફરીયાદીનું વેરીફીકેશન નોંધવામાં આવેલ છે.

હાલના કામે ફરીયાદ તથા આંક-૦૫ થી રજુ થયેલ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, માનકુવા પોલીસ સ્ટેશનનાઓનો રિપોર્ટ ધ્યાને લેવામાં આવે તો આરોપી નં.૧ નો જવાબ લેવામાં આવે તેમાં તેઓએ જણાવેલ કે, મારા લગ્ન બાદ હું નાડાપા મારા સાસરે જ રહેતી લગ્નજીવનમાં હાલે સંતાનમાં એક દીકરો ઓરેબ ઉ.વ.૧ વાળો છે. અરેબના જન્મ વખતે સીઝેરીયન બાળકનો જન્મ થયેલ હતો. આ વખતે જ ડો. દેવાનંદ પરમાર સાહેબએ બીજા બાળક વચ્ચે અંતર રાખવા મને જાણ કરેલ હતી. આ દરમ્યાન ચારેક મહિના પહેલા બીજો બાળકનો ગર્ભ રહેલ હતો અને તે વખતે આશિર્વાદ હોસ્પિટલમાં ડોક્ટર દેવાનંદ પરમારને બતાવેલ હતુ તેમણે પણ મને બાળકને પુરતુ પોષણ ન મળતુ હોવાની વાત કરેલ હતી ત્યારબાદ આશરે દોઢેક મહિનાનો ગર્ભ હતો ત્યારે સામત્રા ગામે મારા પિતાજીના ઘરે હતી ત્યારે મને અચાનક પીડા થયેલ અને રાત્રીના આશરે બારેક વાગ્યે મને ખરે જ ગર્ભપાત થઇ ગયેલ હતો અને ઘરગથ્થુ ઇલાજ જ કરેલ હતો આ વખતે મારા પતિ વિરુધ્ધ કોર્ટમાં કેસ ચાલતો હોય અમારા વચ્ચે બોલચાલ કે વાતચીતનો વ્યવહાર ન હોય તેને જાણ કરી શકેલ નહી. ત્યારબાદ પંદરેક દિવસ બાદ અમારી ફોનમાં વાત થયેલ ત્યારે મેં જાહીરને ઉપરોક્ત વાત કરેલ હતી. ત્યારબાદ હું નાડાપા મારા સાસરે હતી અને મારા પતિ સાથે હતી તે દરમ્યાન આજથી બે મહિના પહેલા મારા પતિ મને મારકુટ કરતા મેં પધ્ધર પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હતી જેથી મારા પતિ ઘરેથી મને એકલી છોડી ખાવડા બાજુ મજુરી કરવા ચાલ્યા ગયેલ જતા જેથી હું એકલી થઇ જતા છેલ્લા આઠેક દિવસથી સામત્રા મારા માવતરે રહેવા આવેલ છું. મારા પતિએ જે અરજીમાં આક્ષેપ કરેલ છે તે તદ્દન ખોટા છે મેં મારા પતિ ઉપર ભરણપોષણનો કેસ તેમજ મારકુટનો કેસ કરેલ હોય તેના કારણે ખોટી રીતે હેરાન કરવા આવી ખોટી અરજી કરેલ છે મેં કે મારી માતાએ મારા સંતાનને મારેલ નથી કે જાણીજોઇને ગર્ભપાત કરેલ નથી. કુદરતી ગર્ભપાત થઇ ગયેલ છે. હું એક માતા તરીકે મારા સંતાન સાથે આવું પગલુ ભરી શકુ નહી પરંતુ મારા પતિને હું કે મારા સંતાનો ગમતા ન હોય, ભરણપોષણ આપવુ ન પડે તે માટે આવી ખોટી અરજી કરેલ છે. વિગેરે હકીકત હાલના કામના સામાવાળા નં.૧નાઓએ પોતાના નિવેદનમાં જણાવેલ છે.

સદર કામે વધુમાં પી.આઇ.શ્રી માનકુવા પો.સ્ટે.નાઓએ સામાવાળા નં.૨ હસીનાબેન કાસમ ઉર્ફે જુસબ નુરમામદ બાફણ તથા ફાતમાબાઇ સિધિક ઓસ્માણ બાફણ તથા રોમત મામદ સુમાર

સમેજા વાળાનું નિવેદન લેતા જણાવેલ છે કે, સાહિસ્તાએ જાણીજોઇને ગર્ભપાત કરાવેલ નથી. કુદરતી ગર્ભપાત થઈ ગયેલ છે.

આમ, સદર કામે આંક-૦૫ થી રજુ થયેલ રિપોર્ટમાં અરજદારના પત્ની સામાવાળા નં.૧ સાહિસ્તાએ ગર્ભપાત કરાવેલ હોય તેવા કોઇપણ સચોટ કે નક્કર પુરાવાઓ રજુ કરેલ નથી તેમજ આવી કોઇપણ ઉપયોગી માહીતી આપેલ નથી. જેથી જે તે સમયે અરજીઓ ફાઈલે કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

સદર કામે આંક-૦૫ થી રજુ થયેલ રીપોર્ટ સાથે ડો.દેવાનંદ જેઠાલાલ પરમારનાઓનું તા.૦૭-૦૧-૨૦૨૬ ના રોજ લેવામાં આવેલ નિવદન ધ્યાને લેવામાં આવે તો તેમાં ડોક્ટર દેવાનંદ પરમારનાઓએ જણાવેલ છે કે, તા.૨૨-૦૭-૨૦૨૫ ના રોજ સાહિસ્તા જાહીર મથડા નાઓ હોસ્પિટલમાં ચેક અપ કરાવવા આવેલ હતા ત્યારે તપાસેલ જેમાં સોનોગ્રાફીમાં કોઇ દેખાયેલ ન હતુ અને યુરીન પ્રેગ્નન્સી ટેસ્ટ કીટથી તપાસ કરતા પ્રેગ્નેન્સી ટેસ્ટ પોઝીટીવ આવેલ હતુ જેથી ગર્ભનો વિકાસ થાય તેની દવા આપેલ હતી અને ત્યારબાદ આ સાહિસ્તાબેન પોતાની પાસે ચેકઅપ કરાવવા આવેલ નથી. પોતે કોઇ ગર્ભપાતની દવા અપેલ નથી અને પોતે આવા કોઇ ગર્ભપાત કરાવતા નથી કે કરાવેલ નથી. અને અમુક કેસોમાં ગર્ભપાત કુદરતી રીતે થવો નોર્મલ છે.

આમ, સદર કામે હાલની ફરીયાદ અને ફરીયાદ સંબંધે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, માનકુવા પોલીસ સ્ટેશનનો રિપોર્ટ ધ્યાને લેતા હાલના કામના સામાવાળા નં.૧નાઓએ પોતાની જાતે પોતાના પેટમાં રહેલ ફરકતા ગર્ભનો ગર્ભપાત કરેલ હોવાનું સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવેલ નથી. સદર કામે સામાવાળા નં.૧ તથા ૨ નાઓએ એકસંપ થઇ સામાવાળા નં.૧ ના બે માસના ફરકતા ગર્ભનો ગર્ભપાત કરેલ હોવા અંગે કોઇ ચોક્કસ અને સચોટ પુરાવો હાલના કામે ફરીયાદી તરફે રજુ થયેલ નથી. સદર કામે સામાવાળા નં.૧ તથા ૨ નાઓએ હાલની અરજીમાં જણાવ્યા મુજબનો ગુનો કરેલ હોવા અંગે કોઇ સચોટ પુરાવો ના હોવા છતાં ફરીયાદી દ્વારા પી.આઇ.શ્રી માનકુવા પો.સ્ટે. તથા એસ.પી.સાહેબશ્રીને વારંવાર લેખિતમાં ફરીયાદ કરવામાં આવેલ અને સદર ફરીયાદ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, માનકુવા પો.સ્ટે. દ્વારા ઉંડાણપુર્વકની તપાસ કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર જણાય આવે છે. ઉપરાંત સદર કામે ડો. દેવાનંદ પરમારનાઓએ પણ પોતાના નિવેદનમાં અમુક કેસોમાં ગર્ભપાત કુદરતી રીતે થવો નોર્મલ હોવાનું સ્પષ્ટ રીતે જણાવેલ છે. સદર કામના ફરીયાદી વિરુધ્ધ તેમના પત્ની સામાવાળા નં.૧ સાહિસ્તા જુસબ નુરમામદ બાફણનાઓએ પ્રિન્સીપાલ ફેમીલી કોર્ટ, ભુજ-કચ્છ માં ભરણપોષણ મેળવવા અરજી કરેલ અને તે કેસ સાહિસ્તાએ વિડ્રો કરેલ હોય તે દરમ્યાન ફરીયાદી અને સામાવાળા નં.૧ બંને પતિ પત્ની સાથે રહેતા હોય અને ત્યારબાદ ફરીથી ફરીયાદીએ તેમના પત્નીને મારકુટ કરતા સામાવાળા નં.૧ નાઓએ પધ્ધર પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ હોય તેના કારણે સામાવાળા નં.૧ વિરુધ્ધ દ્વેષભાવ રાંખી ફરીયાદીએ સામાવાળા નં.૧ નાઓ વિરુધ્ધ હાલની ફરીયાદ

કરેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે. ઉપરાંત હાલના કામે ફરીયાદી તરફે પોતાની હાલની ફરીયાદની હકીકતોને સમર્થનકારક કોઇ સચોટ પુરાવો રજુ કરેલ નથી.

સદર કામે ફરીયાદીએ સામાવાળા નં.૧ અને ૨ નાઓ વિરુધ્ધ હાલની ફરીયાદમાં કરેલ આક્ષેપોમાં કોઇ તથ્ય નહી હોવાનું સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવેલ છે. આમ, સદર કામે રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો ધ્યાને લેતા સદર કામે ફરીયાદીએ સરકારી કામકાજના સમયનો દૂરૂપયોગ અને બગાડ કરેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવેલ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આથી હાલની ફરીયાદમાં જણાવેલ સામાવાળાઓ વિરુધ્ધ ફોજદારી કાર્યવાહી હાથ ધરવા લાયક કેસ જણાય આવતો ન હોય બી.એન.એસ.એસ. ની કલમ–૨૨૬ હેઠળ હાલની ફરીયાદ ખર્ચ સહિત કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે. ઉપરાંત હાલના ફરીયાદીને હાલનીફરીયાદ કરી સરકારી કામકાજના સમયનો દુરૂપયોગ તથા બગાડ કરવા માટે રૂ.૨,૦૦/– અંકે રૂપિયા બસો પુરાનો કોસ્ટ પેટે ભરવાનો હુકમ કરવામાં આવે છે. સદર કોસ્ટની રકમ ડી.એલ.એસ., ભુજ–કચ્છ ખાતે દિન–૩૦ માં જમા કરાવવી. હાલની ફોજદારી તપાસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૦૩ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો

તારીખ : ૦૩/૦૪/૨૦૨૬

સ્થળ : ભુજ–કચ્છ

Seen

03/04/2026

(રાહુલ સતીશભાઇ સિંગલ )

ચોથા એડી.ચીફ જ્યુ.મેજી.,ભુજ

Code No. GJ01410

(૧) અમો ઉપ...